# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, , દેવગઢ બારીયા અને વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ.ના સંયુક્ત ઉપક્રમે બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

---

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, , દેવગઢ બારીયા અને વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ.ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦-૦૧-૨૦૨૩ના રોજ **બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆત દીપ પ્રાગટ્ય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા શાબ્દિક સ્વાગત તેમજ પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ.આર.જી.પરમાર** દ્વારા ગુણવત્તાસભર બીજ ઉત્પાદન માટે બીજજન્ય રોગ નિયંત્રણના ઉપાયો, **ડૉ.એન.એમ.ગોહેલ** દ્વારા બીજજન્ય ફૂગ અને તેનાથી થતું નુકસાન અને બીજ માવજત, **ડૉ.એચ.સી.પટેલ** દ્વારા બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી જીવાતો અને તેનું નિયંત્રણ, **ડૉ.એ.એસ.ભાણવડીયા** દ્વારા મકાઇ અને સોયાબીનની સુધારેલી જાતો તેમજ ખેતી પધ્ધતિ **ડૉ.વાય.બી.ચૌહાણ** દ્વારા મકાઇ અને સોયાબીનમાં આવતા રોગો અને તેનુ નિયંત્રણ અને **શ્રી એ.પી.સાવલિયા** દ્વારા પ્રાયોગિક રૂપે જૈવિક ફૂગ ટ્રાયકોડર્માનું સંવર્ધન પધ્ધતિઓ અને નિદર્શન જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ જેમાં ગામ: કુન્લી અને રૂવાબારી તા: દેવગઢ બારીયાના કુલ ૫૦ જેટલા ખેડૂતભાઈઓએ ભાગ લીધો હતો.












આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીયા